**કલમ–૪ (૧) (બી)(૨) ::– અર્બન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમના અધિકારી/કર્મચારીઓની સત્તા અને ફરજો ::–**

## ❖ મેડીકલ ઓફીસરની કામગીરી ::–

– હેલ્થ સેન્ટર ખાતે O.P.D. માં આવતા પેશન્ટોને રોગનું યોગ્ય નિદાન કરીને સારવાર આપવામાં આવે છે. હેલ્થ સેન્ટર ખાતે આવતા માનદ્ ડોકટરો પાસે જરૂરી સારવાર અપાવવી તથા ગંભીર દર્દીને તાત્કાલીક સારવાર આપી, મહાનગરપાલિકા સંચાલિત હોસ્પીટલમાં અથવા સીવીલ હોસ્પીટલમાં ઝડપથી મોકલી આપવા બનતી કોશિષ કરવી.

– વખતો વખત દવા/વેકસીનના સ્ટોકને લગતા રજીસ્ટરો  જેવા કે ડે બુક, ઈન્ડેન્ટ બુક, એક્ષ્પેન્સ બુક, ટેબ્લેટ બેલેન્સ બુક, ઈન્જેકશન બુક, સીસ્ટર ઓર્ડર બુક, ઈન્ડોર રજીસ્ટર, જીવીત જન્મ રજીસ્ટર, ઈન્ડેન્ટ બુક, ઓપરેશન રજીસ્ટર, ઈન્જેકશન સ્ટોક બુક, મૃત જન્મ રજીસ્ટર, એ.એન.સી. રજીસ્ટર, ટેબલેટ રજીસ્ટર, રીફર રજીસ્ટર ચેક કરવા.

– વેકસીન રજીસ્ટર, સ્ટોર રજીસ્ટર, ટેમ્પરેચર બુક આઈ.સી.એસ. વેકસીન રજીસ્ટર, ડેઈલી સેશન માહિતી રજીસ્ટર ચેક કરવા.

– હેલ્થ સેન્ટર ખાતેના આરોગ્ય કાર્યકરો Field work યોગ્ય રીતે કરે તે જોવુ તથા તેને Field માં રૂબરૂ જઈને ચેક કરવું અનિયમિત કે ફરજચુક કર્મચારી સામે પગલા લેવા.

– મે.ઓફિસરે સેન્ટીનલ સેન્ટરના ડોકટરો અન્ય પ્રાઈવેટ પ્રેકટીશનરો તથા અલગ–અલગ વિસ્તારના રહિશો કે આગેવાનો/કોંર્પોરેટરની રૂબરૂ મુલાકાત લઈને પ્રવર્તમાન રોગચાળો કે રહિશોને અન્ય આરોગ્યને લગતી તકલીફોથી માહિતગાર રહેવુ અને જરૂરી માહિતી ઉપરી અધિકારીશ્રીને આપીને આરોગ્ય જાળવણીના કાર્યમાં યોગદાન આપવુ.

– હેલ્થ સેન્ટરના વિસ્તારમાં રહેતા ટી.બી. ના ડોટના ડિફોલ્ટની રૂબરુ મુલાકાત લઈને તેમની રેગ્યુલર ડોટની Treatment લે તેવી કાળજી લેવી.

– વખતો વખત હેલ્થ સેન્ટરના અલગ અલગ વિસ્તારમાં ગરીબ અને સ્લમ વિસ્તારમાં રોગો અંગે જનજાગૃત અભિયાન કરીને લોકોને જાગૃત કરી રોગ અટકાયત ના કેવી રીતે કરવું તે સમજાવવું અને દર્દીઓને જરૂરી સારવાર આપવી.

– સર્વે રોગ નિદાન અંગેના કેમ્પો. કરવા (ઉપરી અધિકારીશ્રીને જાણકરીને) સ્થળ પર રોગ નિદાન કરી દવા વિતરણ કરવી.

– ઉપરી અધિકારીશ્રીની સુચના મુજબ સફાઈ કામદારો(વોર્ડના) તથા કર્મચારીઓની આરોગ્યની તપાસ કરવી.

## ❖ નર્સની કામગીરી ::–

– પેશન્ટને ઈન્જેકશન આપવા, ઈન્જેકશન રજીસ્ટર મેઈન્ટેઈન કરવુ.

– હોસ્પીટલની સફાઈ પર ધ્યાન આપવુ.

– પેશન્ટને ડ્રેસીંગ કરવુ.

– બાયો મેડીકલ વેસ્ટ પર ધ્યાન આપવુ, બાયો મેડીકલ વેસ્ટનું રજીસ્ટર મેઈન્ટેઈન કરવુ અને મંથલી રીપોર્ટ મોકલવો.

– O.T. મેઈન્ટેઈન કરવુ અને T.L ઓપરેશન કેમ્પ માટેની તૈયારીઓ કરવી.

– કમ્પાઉન્ડર હાજર ન હોય ત્યારે મેડીસિન આપવી.

– લેબ ટેકનીશિયન હાજર ન હોય ત્યારે M.P. સ્લાઈડ લેવી. સ્પુટમ કલેકટ કરવુ અને ડોકટરના ઓર્ડર મુજબ પેશન્ટને FRT અથવા RT આપવી.

– ઈન્સ્ટુમેન્ટ અને લીનનની ચકાસણી કરવી.

– T.B. ડોટ્સની દવા આપવી.

– T.L .ઓપરેશન કેમ્પ વખતે ઈન્ડોર પેશન્ટની સારવાર કરવી.

– ગરીબ અને સ્લમ વિસ્તારોમાં યોજાતા સર્વ–રોગ–નિદાન કેમ્પમાં જરૂરી સેવા આપવી.

– મેડીકલ ઓફિસરશ્રી અને ઉપરી અધિકારીશ્રીના ઓર્ડરથી હોસ્પિટલને લગતા જે કામ સોંપવામાં આવે તે કરવા.

## ❖ <u>લેબોરેટરી ટેકનીશ્યનની કામગીરી :–</u>

– મલેરીયાની સ્લાઈડ લેવાની, તેની MF-2 રજીસ્ટરમાં નોંધણી કરવી તેને સ્ટેઈન કરવાનુ, તેને તપાસવાનુ FRT અને RT આપવાનુ કામ.

– Sputum check કરવા માટે આવેલા દર્દીનું ફોર્મ ભરવાનુ, ગળફો લેવાનુ, સ્લાઈડ બનાવવાની સ્ટેઈન કરી અને તપાસવાનુ અને તેની નોંધ T.B. ના રજીસ્ટરમાં કરવાનુ.

– લોહીના ટકાની તપાસ કરવી અને તેની નોંધ રાખવી.

– UPT-Urine Pregnancy Test માટે પેશાબ લેવડાવી તપાસ કરી નોંધ કરી અને તેની નોંધ રાખવાની.

– બ્લડ ગૃપ ચેક કરવાનુ અને તેની નોંધણી રજીસ્ટરમાં કરવાની.

– Urine માં પ્રોટીન, સુગર વગેરે જેવી વસ્તુ ચેક કરવાનુ અને તેની નોંધણી રજીસ્ટરમાં કરવાની.

– મહિલાદીન નિમિતે થતા કેમ્પમાં મહિલાઓનુ લોહીમાં Hb તપાસવાનુ અને તેની નોંધણી કરવાની.

– દર શુક્રવારે આંગણવાડી પર જઈ, ત્યાની ગર્ભવતી મહિલાનુ લોહીનાં ટકા તપાસવાનુ અને તેની નોંધ રાખવાનુ.

– Lepto અને dengue ના લોહીના નમુના માટે Patient ના ઘરે જઈ તેનુ કલેકશન કરવા જવુ.

– Hb % (લોહીના ટકા) બ્લડ ગૃપ અને Urine પ્રોટીન, સુગર તપાસવુ.

– જો કોઈ મલેરીયાની સ્લાઈડ પોઝેટીવ આવ્યુ હોય અને દર્દી RT લેવા ન આવે તો મલેરીયા વિભાગના ઓફિસરને (SSI & SI) ને ફોનથી જાણ કરવી.

– M.P અને AFB ના સ્લાઈડનુ ક્રોસ ચેક કરવા મોકલવાનુ અને તેને ફાઈલ કરવાનુ.

## ❖ <u>કલાર્ક કમ કમ્પા.આસી.ની કામગીરી ::–</u>

– કોમ્પ્યુટર ધ્વારા નવા–જુના લાલ અને સફેદ કેસનુ રજીસ્ટ્રેશન કરવુ.નિયત કરેલ કેસ ફી લઈ રસીદ બનાવવી.

– M.S. પેશન્ટની(લાલ કેસ) દવાના પ્રિસ્કાઈબ્ડ, બહારથી લખી આપેલ દવાના પ્રિસ્કીપ્શન લખવા. M/S. પેશન્ટ દવાનું રજીસ્ટરમાં નોંધણી કરવી. દવાના બીલો ચેક કરી દવાના ભાવ ભરવાં અને M/S.પેશન્ટના દવાના મેડીકલ સ્ટોર્સના બીલો બનાવવા.

– દવાના સ્ટોકને લગતા રજીસ્ટરો જેવા કે (૧) ડે બુક (૨) ઈન્ડેન્ટ બુક (૩) એક્ષ્પેન્સ બુક (૪) ટેબલેટ બેલેન્સ બુક મેન્ટેઈન કરવા.

– પેશન્ટોને દવા આપવી તથા કઈ દવા કેટલી અને કયારે લેવી તેની સમજ આપવી.

– બ્લડ ઈન્વેસ્ટીગેશન ફી દવા ઈન્જેકશન ફી ની રસીદ બનાવવી. ઈન્ડોર પેશન્ટના બીલો બનાવવા.

– નેશનલ પ્રોગ્રામ જેવા કે પોલિયો રસીકરણ N.T.E.P. માં ભાગ લેવો તેમજ ફાઈલેરીયાનો પ્રોગ્રામ દવા વિતરણની કામગીરી કરવી.

– સુરત મહાનગરપાલિકાનાં કર્મચારી/ અધિકારીશ્રી/ આશ્રિતો/ નિવૃત તથા મ્યુનિ. સભ્યશ્રી (કોર્પોરેટર)/ માજી. સભ્યશ્રીઓ વિગેરેને મેડીકલ ઓફિસરશ્રી/ ઓનરરી ડોકટરોશ્રીઓ ધ્વારા લખી આપવામાં આવતી બહારની દવાઓ અંગે પ્રિસ્કીપ્શનનો લખવા અને તે અંગેના રજીસ્ટરો વેપારીના બીલોના રજીસ્ટરો મેઈન્ટેઈન કરી બીલોનો નિકાલ કરવો.

## ❖ <u>ફીમેલ હેલ્થ વર્કરની કામગીરી ::–</u>

– ૧૦,૦૦૦ ની સર્વેની કમ્પલીટ લક્ષિત દંપતિ તથા ફેમીલી રજીસ્ટર માતૃબાળ કલ્યાણ રજીસ્ટર તથા અન્ય રજીસ્ટર કમ્પલીટ કરવા. વિસ્તારમાં લક્ષિત દંપતિઓને TC તથા Cut માટે સમજાવવુ. સગર્ભા બહેનોને આર્યન તથા T.T. આપી હોસ્પીટલમાં ચિંરજીવી યોજના–દિકરી યોજના અથવા જનની યોજનમાં જેમાં લાભ મળતો હોય તે મુજબ સલાહ આપી લાભ અપાવવો. વિસ્તારમાં આર્યન નિરોધ, ઓરલ પીલ્સ, ઓ.આર.એસ.નાં પેકેટ લઈ જઈ આપવા. ફીલ્ડના સામાજીક કાર્યકર તથા આગેવાનોને મળવું. પ્રાઈવેટ હોસ્પીટલ ફાળવેલ હોય તેમાંથી TL તથા Cut ના નામોની માહિતી લાવવી. નિરોધ અને ઓરલ પીલ્સ તથા કોંપર–ટી નો સ્ટોસ આપવો. વિસ્તારમાં ઈમ્યુનાઈઝેશનની કામગીરી કરવી તથા આવતા દરેક નેશનલ પ્રોગ્રામ જેવા કે, પોલિયો પ્રોગ્રામ, ફાઈલેરીયા પ્રોગ્રામ, વિટામીન A પ્રોગ્રામ જેવામાં લાભ લેવાના હોય છે. મમતા દિવસમાં પણ ભાગ લઈ કામગીરી કરવાની હોય છે.

- સેન્ટર પર સ્ત્રી નસબંધી ઓપરેશન કેમ્પમાં આપેલ ડયુટી મુજબ નાઈટ તથા ડે કરાવવાના હોય છે તથા ત્રીજા દિવસે પેશન્ટને રજા આપવી. ડીસ્ચાર્જ કાર્ડ તથા દવા આપવી. ડોકટર સાહેબના તાબા હેઠળ રજા આપવી તથા સાત દિવસે સ્ટીચ રીમુવ માટે બોલાવવા માટે સલાહ આપવી.
- આરોગ્ય લક્ષી પ્રોગ્રામ જેવા કે શાળા આરોગ્ય તપાસ, પોષણ સપ્તાહ, ORS સપ્તાહ, એડોલેસન્ટ હેલ્થ,મેગા કેમ્પમાં આરોગ્ય લક્ષી પ્રદર્શન અને આરોગ્ય શિક્ષણમાં ભાગ લેવા.
- સર્વે કરેલ એરીયાના નીકળેલ વર્કપ્લાન મુજબની કામગીરી.
- IRI Week અંતર્ગત રસીકરણની કામગીરી.

**<u>સીનીયર કલાર્ક/ત્રીજી શ્રેણી કલાર્કની કામગીરી ::–</u>**

૧. કર્મચારીઓ તરફથી મૂકવામાં આવતી જુદા–જુદા પ્રકારની રજાઓ અંગેની સર્વિસ બુકમાં એન્ટ્રી કરી રજાઓ પાસ કરી એકા/ઓડીટ ખાતામાં ઓડીટ કરાવવું તથા દરેક કર્મચારીઓના નિયમ મુજબ ઈજાફાઓ છોડાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવી તથા તેની નોંધ મહેકમ વિભાગને કરાવવી અને ઉચ્ચતર પગાર ધોરણની વિગત કર્મચારીઓની જરૂરી કાર્યવાહી કરવી.

૨. હાજરી પત્રક તથા C.L. કાર્ડ મેઈન્ટેઈન કરવા.

૩. એસ્ટાબ્લીશમેન્ટ રજીસ્ટરમાં હાજરી પુરી જરૂરી રજાઓની ખતવણી કરી આરોગ્ય ખાતામાં તેની દર માસે નોંધ કરાવવી.

૪. કર્મચારીઓના દર માસના જરૂરી ડેટા તૈયારી કરી આરોગ્ય ખાતામાં ચકાસણી કરાવી એકાઉન્ટ ખાતામાં રજુ કરવા.

૫. પર્સનલ એડવાન્સની રકમમાંથી જરૂરી ખરીદી કરવી અને તેના બીલો બનાવવા તથા રજીસ્ટરો મેઈન્ટેઈન કરવુ.

૬. નિવૃત થતા કર્મચારીઓની જરૂરી પ્રમાણપત્રો મંગાવી પેન્શન/ગ્રેજઈયુટીને લગતી તમામ કાર્યવાહીઓ પૂર્ણ કરવી.

૭. માનદ સેવા આપતા ર્ડા. નાં માનદ વેતન ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવી.

૮. પરિપત્રો/નોંધ કે ટપાલને ઈનવર્ડ કરી તેમાના લાગતા જરૂરી મુદ્દાઓની માહિતી આપવી તથા આઉટવર્ડ રજીસ્ટર મેઈન્ટેઈન કરવુ.

૯. હોસ્પીટલને લગતા જરૂરી બીલ જેવા કે ગેસબીલ, લાઈટબીલ, ધોબીબીલ વગેરે બનાવવા તથા તેની જરૂરી નોંધ રાખવી.

૧૦. હોસ્પીટલને લગતી લાઈટ, પાણી–ડ્રેનેજ વિગેરેની સમસ્યાઓની નિકાલ માટે જે તે ખાતાને રીપોર્ટ કરવા.

૧૧. ડેટ સ્ટોક રજીસ્ટર, સ્ટોક રજીસ્ટર વિગેરેમાં જરૂરી ખતવણી કરી રજીસ્ટર મેઈન્ટેઈન કરવા.

૧૨. સેન્ટ્રલ સ્ટોર્સમાંથી કર્મચારીઓના યુનિફોર્મ/બુટ ચંપલ વિગેરે લાવવા તથા હોસ્પીટલના જરૂરી ફર્નિચર મેળવવા અંગેની કામગીરી કરવી.

૧૩. કર્મચારીઓ તરફથી પાસપોર્ટ મેળવવા કે અધર સ્ટડી માટેની આવતી અરજીઓ અંગેની જરૂરી કાર્યવાહી કરવી.

❖ **<u>વોર્ડબોય(પ્યુન કમ ડ્રેસર)ની કામગીરી</u>**

1. ઓ.પી.ડી. વિભાગના બારી–બારણા ખોલી ટેબલો સાફ કરવા.

2. કોલબુક લઈને માનદ ડોકટરને ત્યાં જવું.

3. ઓ.પી.ડી. સમય દરમ્યાન સારવાર માટે આવતા દર્દીઓનું ડ્રેસીંગ કરવું.

4. વિવિધ સ્ટોર્સ જેવા કે, સેન્ટ્રલ સ્ટોર, સેન્ટ્રલ મેડીકલ સ્ટોર, રૂદરપુરા હેલ્થ કેમ્પ વિગેરે વપરાશી વસ્તુઓ કલાર્ક કમ કમ્પાઉન્ડર સાથે લેવા જવી.

5. આરોગ્ય ખાતાના ગુજરાતી કલાર્ક પાસેથી કલાર્ક કમ કમ્પાઉન્ડર સાથે સ્ટેશનરી અને રજીસ્ટર્સ લેવા જવું.

6. કલાર્ક કમ કમ્પાઉન્ડર સાથે પ્રેસ વિભાગમાંથી વિવિધ પ્રકારનાં ફોર્મ તેમજ રજીસ્ટરો લેવા જવું અને રેકર્ડમાં નમ્બરીંગ અને સીલ મારવા જવુ.

7. રોજ ભરણુ ભરવા. ટપાલ આપવા અને લેવા જવુ.

8. T.L નો એનેસ્થેટીક કોલ આપવા મસ્કતી હોસ્પીટલ જવુ.

9. T.L પેશન્ટની ટીયુબ આપવા સ્મીમેર પેથો લેબમાં જવુ.

10. ઈલેકટ્રીક પાવર બંધ થાય ત્યારે જનરેટર સીસ્ટમ ચાલુ કરવી.

11. પલ્સ પોલીયો ઈમ્યુનાઝેશનમાં પેશ મેડીકલ વર્કર તરીકે કામગીરી કરવી તથા સવારે ૬ વાગ્યે હાજર થઈ બધી ટીમોના કેરીયર તૈયાર કરવા.

12. ફાઈલેરીયા પ્રોગ્રામમાં ડી.ઈ.સી. ટેબ્લેટની વહેચણીમાં પેરો મેડીકલ વર્કર કામગીરી કરવી.

❖ **<u>આયાની કામગીરી ::–</u>**

– હોસ્પીટલમાં ડસ્ટીંગ કરવુ.

– કચરા–પોતા માટે મદદ કરવી.

– TL ઓપરેશન કેમ્પ માટે/ડ્રેસીંગ માટે ડ્રેસીંગ ગોઝ બનાવવા અને ઓટોકલેવ કરવુ.

– આઉટ ડોર પેશન્ટને નંબર પ્રમાણે મેડીકલ ઓફિસર પાસે મોકલવવા.

– TL કેમ્પ માટે વોર્ડ તૈયાર કરવો.

– ઓપરેશન કેમ્પ માટે તૈયારી કરવી ઈન્સ્ટ્રુમેન્ટ અને લીનનના ડ્રમ ઓટોકલેવ કરવા.

– OT ફયુમીગેશન કરવું.

– પેશન્ટ ઓપરેશન માટે પ્રિપેર કરવા

– મેડીકલ ઓફિસરની સુચના મુજબ કામગીરી કરવી.

❖ **<u>સફાઈ કામદારની કામગીરી ::–</u>**

– આખા સેન્ટરની સાફ–સફાઈ કરવી અને કરાવવી.

– ઝોન પર ડેઈલી રીપોર્ટ આપવા જવુ.

– સ્મીમેર હોસ્પીટલમાં કમ્પાઉન્ડર સાથે દવા તથા લેબોરેટરીનો સામાન લેવા જવુ.

– ઉપરી અધિકારીઓના ઓર્ડર મુજબ કામગીરી કરવી.

– લેબોરેટરીની સ્લાઈડ સાફ કરવી.

## ❖ <u>વેકસીનેટરની કામગીરી ::–</u>

– ઈમ્યુનાઈઝેશનની કામગીરી :– ICDS અને પ્રા.હો./મે.હોમ બી.સી.જી., ડી.પી.ટી. મીજલ્સ ડી.ટી., ડી.ટી–સગર્ભા માતાને તેમજ ૧૬ વર્ષ સુધીના બાળકોને ટી.ટી.ની રસી આપવી.
– પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કામગીરી :– હેલ્થ સેન્ટરના વિસ્તાર મુજબ જુદા જુદા ખાતામાંથી આવેલ કર્મચારીઓને વેકસીન કેરીયરમાં પોલીયોના વાયલ આપી તેમને વિસ્તારમાં મોકલી કામગીરીનું સંચાલન કરવુ.

– એપેડેમીકની કામગીરી :– શહેરી વિસ્તારમાં વખતો વખત થતા રોગચાળા દરમ્યાન ઘરે ઘરે ફરી સર્વેલન્સની કામગીરી તથા શહેરી જનોને આરોગ્ય શિક્ષણ આપવાની કામગીરી તથા પ્રાઈવેટ હોસ્પિટલમાંથી રોગચાળા અંગેની માહિતી લાવવી. AFP/Measies નું સર્વેલન્સ કરવુ.

– શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ :– રાજય સરકાર ધ્વારા ICDS ના બાળકો થી લઈને ધોરણ ૧૨ સુધીના શાળાના બાળકોના આરોગ્ય ભીસની કામગીરીમાં ડોકટરની સાથે જઈને બાળકોના આરોગ્ય તપાસની કામગીરી તથા જરૂરી સલાહ સુચન મુજબ દવા આપવી. વર્ષ દરમ્યાન આરોગ્યને લગતા પ્રોગ્રામ અને ઉપરી અધિકારી તરફથી મળેલ સુચના મુજબની કામગીરી કરવી.

**આરોગ્ય કાર્યકર :– એલ.એચ.વી., એ.એન.એમ.,એફ.એસ.એસ.એફ એચ.ડબલ્યુ, મેઈલ ફીલ્ડ વર્કર.**

✶ ફાળવેલ વિસ્તારમાં સર્વે કરી (કુટુંબ રજીસ્ટર) લાયક દંપતી બાળકોનું માહિતી રજીસ્ટર બનાવી નીચે જણાવ્યા મુજબની આરોગ્ય વિષયક સેવાઓ આપવાની રહેશે.

## ૧. માતૃસેવા :– (માતૃબાળ કલ્યાણ સેવા)

– વિસ્તારમાં આવેલ તમામ સગર્ભા માતાની તપાસ.

– ઓછામાં ઓછી ત્રણ એન્ટીનેટલ ચેક–અપ વિઝીટ.

– સગર્ભાની શહેરી આરોગ્ય કેન્દ્ર અને પ્રસુતિગૃહમાં નોંધણી.

– શકિતની ગોળી દિવસમાં ૧ એમ ૧૦૦ દિવસ માટે ગોળી આપવી.

– આહાર અને પોષણ અંગે સમજણ.

– ધનુરની રસીનાં બે ડોઝ.

– જનની સુરક્ષા, ચિરંજીવી યોજનાનો ગરીબી રેખા હેઠળના લાભાર્થીને અનુ.જાતિ, જનજાતિનો લાભ અપાવવો.

– જોખમી અવસ્થાવાળા કેસોનું નિદાન અને નજીકનાં પ્રસુતિગૃહમાં રેફરલ.

– સ્વચ્છ અને સલામતી પ્રસુતિ તાલીમ પામેલ ધ્વારા સેવાઓ પુરી પાડવી.

– સ્તનપાન વિશે સમજણ મહિના બાદ ધાવણ સાથે ઉપરનાં ખોરાક વિશે (વિનીંગ વિશે) સમજણ.

– પ્રસુતિ બાદ કુટુંબ નિયોજન અંગે સલાહ, માર્ગદર્શન અને સેવા.

– જરૂરતમંદને ઈમજન્સી સારવાર પ્રસુતિ વિષયક ઈમરજન્સીનું વહેલુ અને ઝડપી નિદાન શરૂઆતની સારવાર આપ્યા બાદ એફ.આર.યુ. તાકીદે મોકલવા.

– બે બાળકો વચ્ચે ચોકકસ ઓછામાં ઓછો ત્રણ વર્ષ સમયગાળો રાખવા સમજણ આપવી.

– ઓરલપીલ્સ, નિરોધ, કોપર–ટી, ગર્ભનિરોધક સાધનો અંગે સમજણ આપી પસંદગી કરવા જણાવવું.

– નાનુ કુટુંબ માટે સલાહ ઓપરેશનને લાયક દંપતિને સમજાવવી પરમેનન્ટ મેથર્ડ હેઠળ આવરી લેવા.

– કાયદેસર ગર્ભપાતની જરૂરીયાતવાળા કેસો શોધી ગર્ભપાત માટે નજીકની હોસ્પીટલમાં રીફર કરવા.

– જાતિય રોગથી પીડાતી મહિલાઓને નજીકનાં પ્રસુતિગૃહમાં રીફર કરી સારવાર અપાવવી.

– વિસ્તારમાં આવેલ આંગણવાડીમાં નિયમિત એન્ટીનેટલ ચેક–અપ સેશન ગોઠવવા.

–આંગણવાડી વિસ્તારમાં "૦ થી ૫" વર્ષ સુધીના બાળકોને તેમજ સગર્ભા માતાઓને ફિકસ ડે ફિકસ સેશન ઈમ્યુનાઈઝેશન.

– સેન્ટર ખાતે "૦ થી ૫" બાળકો તેમજ સગર્ભા માતાઓને ફિકસ સેસન ઈમ્યુનાઈઝેશન.

– અઠવાડીક એક દિવસે નકકી કર્યા મુજબની ચિલ્ડ્રન હોસ્પીટલો ખાતે "૦ થી ૫"વર્ષ સુધીના બાળકોને તેમજ સગર્ભા માતાઓને ઈમ્યુનાઈઝેશન.

– સ્લમ/સેમી સ્લમ વિસ્તારમાં ઈમ્યુનાઈઝેશનની કામગીરી.

## ૨. બાળ આરોગ્ય સેવા :–

– નવજાત શિશુની કાળજી–ઓછામાં ઓછા વજનવાળા શિશુની ખાસ સંભાળ.

– બિમાર નવજાત શિશુને તાત્કાલિક સંદર્ભ સેવા.

– રસીકરણ " ફીકસડ ડે " રસીકરણ સેશનમાં નિયમિત રસીકરણ વિટામીન એ સોલ્યુશન મીઝલ્સ વેકસીન સાથે.

– ઝાડા– ઉલ્ટીની સારવાર માતાને સમજણ અને ઓ.આર.એસ. પેકેટ વિના મૂલ્યે વિતરણ.

– શ્વસનતંત્રના રોગો માટે સારવાર માતાને સમજણ.

– એનીમીયા પ્રોફીઈલેક્ષીસન્નાની આર્યન ફોલીક ગોળી વિતરણ.

– કરમીયા રોગોની સારવાર.

**<u>૪. અન્ય સેવા :–</u>**

– ચેપી રોગ અટકાયતનાં પગલા તથા ઉપરી અધિકારીને જાણ કરવી.

– સેવા વિસ્તારમાં થયેલા જન્મ, મરણ અને લગ્નની નોધણી.

– સેવા વિસ્તારમાં થતી તમામ કામગીરી માટેના નિર્ધારીત રજીસ્ટર બનાવવા.

– શિબિરો અને ઝુબેશમાં ગૃહ મુલાકાતો લઈ જરૂરી આરોગ્ય શિક્ષણ.

– પ્રાઈવેટ હોસ્પીટલમાંથી માતૃબાળ અને કુટુંબ નિયોજન કામગીરીની માહિતી લાવવી.

❖ **<u>ટી. બી. હેલ્થ વીઝીટર ::–</u>**

– હેલ્થ સેન્ટર પર T.B. ના દર્દીને દવા આપવી.

– T.B. ના દર્દીની Home Visit કરવી.

– T.B. ના દર્દી Def. થાય તો તે Pt's ની Visit કરી પાછા DOT પર ચાલુ કરાવવા.

– NSP Pt's દર મહિને મુકવા.

– આ બધા Pt's ની Home Visit દિન–૧ માં કરાવવી.

– NSP Pt's ની Visit STS ને કરાવવી.

– NSP Pt's ની Visit M.O. ને કરાવવી.

– Community Meeting નું આયોજન કરવુ.

– Pt's PRovider Meeting દર મહિને ૧ કરવી.

– Health Center પર Pt's ને T.B ના રોગની માહિતી આપવી.

– મેડીકલ કેમ્પમાં હાજરી આપવી. તથા તેમાં દર્દીને T.B. ના રોગ વિશે માહિતી આપવી.

– હેલ્થ સેન્ટર પરથી T.B. નાં દર્દીની દવા લાવવી.

– નોટીફાઈ થયેલા તમામ દર્દીની NIKSHAY માં એન્ટ્રી કરવી.

– તમામ દર્દીઓની DBT માટેની કામગીરી કરવી.